# 1,825 કરોડના GST કૌભાંડનો આરોપી ઝડપાયો

**અમદાવાદ** DGGIએ રિફંડ કૌભાંડના માસ્ટરમાઈન્ડ દિલ્હી એરપોર્ટ પરથી પકડી લીધો

અમદાવાદ : ડિરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સ (DGGI), અમદાવાદ ઝોનલ યુનિટના અધિકારીઓએ દેશના અત્યાર સુધીના સૌથી મોટા GST રિફંડ કૌભાંડોમાંના એકનો પર્દાફાશ કરીને તેના મુખ્ય સૂત્રધાર કપિલ ચુઘની ધરપકડ કરી છે. અંદાજે 1,825 કરોડના આ કૌભાંડના માસ્ટરમાઈન્ડ કપિલ ચુઘને 19 એપ્રિલ 2026ના રોજ દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (IGI) એરપોર્ટ પરથી તે દુબઈથી પરત ફરી રહ્યો હતો તે દરમિયાન ઝડપી લેવામાં આવ્યો હતો.

કપિલ ચુઘ લાંબા સમયથી તપાસ એજન્સીઓની રડાર હેઠળ હતો. DGGI અમદાવાદ દ્વારા તેને અત્યાર સુધીમાં 22 જેટલા સમન્સ જારી કરવામાં આવ્યા હોવા છતાં તે તપાસમાં હાજર થયો ન હતો અને ધરપકડથી બચવા માટે દુબઈ ભાગી ગયો હતો. તેની વિરુદ્ધ અન્ય ઘણા આર્થિક ગુનાઓના કેસ પણ નોંધાયેલા છે. તપાસમાં બહાર આવ્યું છે કે કપિલ ચુઘ અને તેના સહયોગી વિપિન શર્માએ મળીને આ આખું નેટવર્ક ઊભું કર્યું હતું. સમગ્ર કૌભાંડની મળતી વિગતો મુજબ , બીજાના KYC દસ્તાવેજોનો ઉપયોગ કરીને અનેક ડમી કંપનીઓ બનાવવામાં આવી હતી. આ કંપનીઓ માત્ર કાગળ પર જ હતી અને ત્યાં કોઈ વાસ્તવિક બિઝનેસ પ્રવૃત્તિ થતી ન હતી.તમાકુના ઉત્પાદનોના હાઈ-વેલ્યુ ઈનવોઈસ બનાવીને માલની વાસ્તવિક અવરજવર વગર ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) મેળવવામાં આવતી હતી. નીચી કિંમતની તમાકુ પ્રોડક્ટ્સને કિંમતી 'કિમામ/જરદા' તરીકે દર્શાવીને નિકાસ કરવામાં આવતી હતી. કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (KASEZ) માંથી નકલી નિકાસ બતાવીને કરોડો રૂપિયાના રિફંડ ક્લેમ કરવામાં આવ્યા હતા. GST રજિસ્ટ્રેશનથી લઈને બેંકિંગ વ્યવહારો અને ઈ-વે બિલ બનાવવા સુધીની તમામ કામગીરી આ માસ્ટરમાઈન્ડ દ્વારા કેન્દ્રીય રીતે સંચાલિત કરવામાં આવતી હતી.

## બેંકો અને શેરબજાર સાથે પણ છેતરપિંડી

કપિલ ચુઘ માત્ર GST ચોરી પૂરતો મર્યાદિત નહોતો. તેણે પોતાની નિકાસના ટર્નઓવરને ફૂલાવી-ફાલીને બતાવી યસ બેંક ( Yes Bank ) માંથી અંદાજે 11 કરોડની છેતરપિંડી કરી હોવાનું પણ સામે આવ્યું છે. આ ઉપરાંત, CBI દ્વારા તેની સામે બનાવટી દસ્તાવેજોના આધારે ક્રેડિટ સુવિધાઓ મેળવવા બદલ ચાર્જશીટ પણ દાખલ કરવામાં આવી છે.

તાજેતરમાં જ (30 માર્ચ 2026), SEBI એ પણ આ કૌભાંડ સાથે જોડાયેલા વિપિન શર્મા સામે કડક કાર્યવાહી કરી છે, જેમણે નકલી બિલિંગ દ્વારા પોતાની કંપની 'એલિટકોન' (Elitecon) ના વેલ્યુએશનમાં વધારો કર્યો હતો.

હાલમાં, DGGI આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય કૌભાંડીઓ અને નાણાકીય વ્યવહારોની વધુ તપાસ કરી રહી છે. આ ધરપકડને આર્થિક ગુનાખોરી ડામવા માટે મોટી સફળતા માનવામાં આવી રહી છે.

# સરથાણામાં જુગારના અડ્ડા પર રેડ, મહિલા સહિત 9 ઝડપાયા

**રૂષિકેશ** ટાઉનશિપ વિસ્તારમાં ફ્લેટમાં ચાલતો હતો, રૂ.2.40 લાખથી વધુનો મુદ્દામાલ કબજે

સુરતઃ સરથાણા પોલીસને મળેલી બાતમીના આધારે રૂષિકેશ ટાઉનશીપ વિસ્તારમાં એક ફ્લેટમાં ચાલતા જુગારના અડ્ડા પર દરોડો પાડી મહિલા સહિત નવ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ, મોબાઈલ ફોન સહિત કુલ રૂ. 2,40,920નો મુદ્દામાલ કબજે કરીને વધુ તપાસ હાથ ધરી છે.

સરથાણા પોલીસને ગુપ્ત બાતમી મળી હતી કે રૂષિકેશ ટાઉનશીપ કમ્યુનિટી હોલ સામે આવેલ ઘર નંબર એફ-૦૨, ફ્લેટ નંબર ૧૦૨માં કેટલાક લોકો જુગાર રમી રહ્યા છે. જે બાતમીને આધારે પોલીસ ટીમે તાત્કાલિક સ્થળ પર રેડ કરી હતી. રેડ દરમિયાન પોલીસને ફ્લેટમાં મહિલા અને પુરુષો ગંજી પાનાં વડે અંદર-બહારનો હારજીતનો જુગાર રમતા ઝડપાયા હતા.

### પકડાયેલા જુગારીઓ

દયાબેન અરવિંદભાઈ સરધારા (ઉ.વ.૪૫, રહે., રૂષિકેશ ટાઉનશીપ કમ્યુનિટી હોલની સામે સરથાણા), દિનેશભાઈ પરષોત્તમભાઈ સોજીત્રા (ઉ.વ.૬૦, ધંધો.એલ.આઈ.સી એજન્ટ, રહે., રાજાનંદ સોસાયટી,રાશી સર્કલ કતારગામ), હિતેશભાઈ જયસુખભાઈ ઠુમ્મર (ઉ.વ.૪૬, રહે., સુર્યોદય રો-હાઉસ, સીમાડાનાકા સરથાણા), અમીતભાઈ રમેશભાઈ પરમાર (ઉ.વ.૩૭, રહે., શંકર પાર્વતી સોસાયટી, ભાતની વાડી પાસે, મીની બજાર, વરાછા), સતીષભાઈ બનવારી સોલંકી (ઉ.વ.૫૦, ધંધો. સીલાઈકામ, રહે., નેતલ ડે સોસાયટી, અવીરા પેલેસ, સીતાનગર ચોકડી પાસે, પુણા રોડ), ભીખુભાઇ જીવરાજભાઈ લક્કડ (ઉ.વ.૪૨, ધંધો-હિરા-મજૂરી, રહે., મહાલક્ષ્મી સોસાયટી, પુણાગામ, કિરણચોક પાસે સરથાણા), સુરેશબાઈ ભીમજીભાઇ આસોદરીયા (ઉ.વ.૪૮, ધંધો હિરામજૂરી, રહે., અર્જુનનગર સોસાયટી, કારગીલ ચોક, પુણાગામ), ગોવિંદભાઈ છનાભાઈ પટોળીયા (ઉ.વ.૫૦, ધંધો-હિરાકામ, રહે., ગીરનાર સોસાયટી, સીમાડા) તથા રઘુભાઈ મેરાભાઈ આલગોતર (ઉ.વ.૪૨, ધંધો-પશુપાલન, રહે., રામરાજ્ય સોસાયટી, કાપોદ્રા)

પોલીસે સ્થળ પરથી કુલ નવ વ્યક્તિને પકડી પાડ્યા હતા. પોલીસે તમામ આરોપીઓની અંગઝડતી લેતાં તેમની પાસેથી રૂ.81,920ની રોકડ રકમ મળી આવી હતી. ઉપરાંત જુગારના દાવ ઉપર મુકાયેલા રૂ.15,000 પણ જપ્ત કરવામાં આવ્યા હતા. ઘટના સ્થળેથી 9 મોબાઈલ ફોન પણ કબજે કરવામાં આવ્યા, જેઓની કુલ કિંમત અંદાજે રૂ. 1,44,000 થાય છે.

આમ કુલ મળી પોલીસે રૂ.2,40,920નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ સમગ્ર મામલે સરથાણા પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# ભાવનગરનો ફાયર ઓફિસર ૫ લાખની લાંચમાં ઝડપાયો

**સરકારી** શાળાઓના ફાયર સર્ટિફિકેટ માટે લાંચ માંગી હતી

ગાંધીનગર : ભાવનગર રીજીયનમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ એન્ટી કરપ્શન બ્યુરો (ACB) એ લાલ આંખ કરી છે. સરકારી શાળાઓમાં ફાયર સેફ્ટીના પ્લાન અને સર્ટીફિકેટ એપ્રુવલ આપવાના બહાને ૫ લાખની લાંચ માંગનાર ડેપ્યુટી રીઝનલ ફાયર ઓફિસર અને લાંચના નાણાં સ્વીકારનાર એક ખાનગી વ્યક્તિને એસીબીની ટીમે રંગેહાથ ઝડપી લીધા છે. ઝડપાયેલા આરોપીઓમાં ૧. મહેશકુમાર અમૃતભાઈ પટેલ - ડેપ્યુટી રીઝનલ ફાયર ઓફિસર (વર્ગ-૨), સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસીસ, ભાવનગર રીજીયન અને ૨. પ્રકાશ ગીરીશભાઈ ચૌહાણ (ખાનગી વ્યક્તિ) - રહે. આનંદનગર, ભાવનગરનો સમાવેશ થાય છે. આ કેસની વિગત મુજબ, ફરિયાદીએ ભાવનગર જિલ્લાના વિવિધ તાલુકાઓની ૭૯ જેટલી સરકારી શાળાઓમાં ફાયર સેફ્ટીના સાધનો ઈન્સ્ટોલ કરવાનો પેટા કોન્ટ્રાક્ટ લીધો હતો. આ કામગીરી પૂર્ણ થયા બાદ, શાળાઓ માટે 'ફાયર સેફ્ટી પ્લાન એપ્રુવલ' અને 'ફાયર સેફ્ટી સર્ટીફિકેટ એપ્રુવલ' મેળવવા માટે ફરિયાદીએ ઓનલાઈન અરજીઓ કરી હતી. આ મંજૂર થયેલી અને બાકી રહેલી અરજીઓના વ્યવહાર પેટે આરોપી ડેપ્યુટી રીઝનલ ફાયર ઓફિસર મહેશકુમાર પટેલે રૂપિયા ૫,૦૦,૦૦૦ ની લાંચની માંગણી કરી હતી. જે પૈકી રૂપિયા ૫૦,૦૦૦ અગાઉ આરોપી નં. ૨ પ્રકાશ ચૌહાણ મારફતે સ્વીકારી લેવામાં આવ્યા હતા. બાકીના રૂા. ૪,૫૦,૦૦૦ માંથી રૂા. ૨,૦૦,૦૦૦ આપવાનો આજે વાયદો કરવામાં આવ્યો હતો. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે આજે તા. ૨૦/૦૪/૨૦૨૬ના રોજ ભાવનગરની સર ટી. હોસ્પિટલના ગેટ નંબર-૨ પાસે, એસ.બી.આઇ. એટીએમની સામે જાહેર રોડ પર છટકું ગોઠવવામાં આવ્યું હતું. આ ટ્રેપ દરમિયાન, વચેટિયા પ્રકાશ ચૌહાણે ફરિયાદી સાથે લાંચ અંગે હેતુલક્ષી વાતચીત કરી અને રૂા. ૨,૦૦,૦૦૦ ની લાંચ સ્વીકારતા જ એસીબીએ તેને સ્થળ પર દબોચી લીધો હતો. ત્યારબાદ મુખ્ય આરોપી મહેશકુમાર પટેલ પણ તેમની કચેરી ખાતેથી મળી આવતા બંનેની ધરપકડ કરવામાં આવી છે.

# હિન્દુ કર્મચારીઓ સાથે ભેદભાવભરી નીતિ બદલ લેન્સકાર્ટ કંપનીને પીછેહઠ કરવાની ફરજ પડી




આમિરખાનની ફિલ્મ 'થ્રી ઇડિયટ્સ'માં પ્રોફેસરનો ડાયલોગ છે કે તુમ કહના ક્યા ચાહતે હો? આ ડાયલોગ એટલો પ્રખ્યાત થઈ ગયો છે કે તેનો એક GIF પણ સોશ્યલ મીડિયા પર હાજર છે. લોકો જ્યારે પણ મૂંઝવણ અનુભવે ત્યારે આ ડાયલોગ યાદ કરે છે. લોકો હવે ચશ્માં બનાવતી કંપની લેન્સકાર્ટના માલિક પીયૂષ બંસલને ઉદ્દેશીને આ ડાયલોગ મારી રહ્યા છે, કારણ કે તેમની કંપની લેન્સકાર્ટ તેની કર્મચારી સંભાળનીતિના કેટલાક મુદ્દાઓને લઈને મોટા વિવાદમાં ફસાઈ ગઈ છે. લેન્સકાર્ટ દ્વારા તેના કર્મચારીઓ માટે જારી કરાયેલ ડ્રેસ કોડ નીતિથી વિવાદ શરૂ થયો હતો. આ ડ્રેસ કોડ નીતિ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થઈ હતી, જેના પરિણામે લોકોમાં વ્યાપક રોષ જોવા મળ્યો હતો. ભાજપ અને સંઘપરિવારની સમાજનું ધ્રુવીકરણ કરવાની નીતિને કારણે આ વિવાદે ગંભીર સ્વરૂપ ધારણ કરતાં કંપનીને ખુલાસો કરવાની ફરજ પડી છે.

આ વિવાદ લેન્સકાર્ટના ડ્રેસ કોડ પર કેન્દ્રિત હતો. તેમાં તિલક, કલાવ અથવા બિંદી કરવાની મનાઈ હતી. પરિણીત હિન્દુ મહિલાઓને સિંદૂર પણ લગાડવું હોય તો ખૂબ ઓછી માત્રામાં લગાડવાની સલાહ આપવામાં આવી હતી. જો કે, તેમાં હિજાબ અને પાઘડી પહેરવાની મંજૂરી આપવામાં આવી હતી. હિજાબ અને પાઘડીના કિસ્સામાં પણ તે કાળા રંગનાં જ હોવાં જોઈએ તેવું નક્કી કરવામાં આવ્યું હતું. ઓનલાઈન શેર કરાયેલા ડ્રેસ કોડ દસ્તાવેજમાં જણાવાયું હતું કે હિજાબ છાતીના મધ્ય ભાગને ઢાંકતો હોવો જોઈએ, પરંતુ કંપનીના લોગોને અસ્પષ્ટ ન રહેવો જોઈએ. તેમાં કલાવા સહિતના ધાર્મિક દોરાઓ પણ કાંડા પરથી દૂર કરવામાં આવે તેવું કહેવામાં આવ્યું હતું. હિન્દુ પરંપરામાં કલાવ એ એક પવિત્ર સુતરાઉ દોરો છે, જે મંદિરમાં ગયા પછી અથવા ધાર્મિક વિધિઓ કર્યા પછી પહેરવામાં આવે છે. લેન્સકાર્ટના પુણેના ભૂતપૂર્વ ફ્લેગશિપ સ્ટોર મેનેજર હર્ષ હાટેકરે જણાવ્યું હતું કે ઓક્ટોબર ૨૦૨૪ માં એક ઓડિટ દરમિયાન તેમના સ્ટોરનાં કર્મચારીઓને કલાવ પહેરવા બદલ તેમના ઓડિટ પોઇન્ટ કાપવામાં આવ્યા હતા.

પુણેના અન્ય એક ભૂતપૂર્વ સ્ટોર મેનેજર આકાશ ફાળકેએ દાવો કર્યો હતો કે તેમણે ફેબ્રુઆરી ૨૦૨૫ માં લેન્સકાર્ટના એચઆર વિભાગ સમક્ષ ઔપચારિક રીતે આ મુદ્દો ઉઠાવ્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે ડ્રેસ કોડ હેઠળ વિવિધ ધાર્મિક પ્રતીકો સાથે સમાન વર્તન કરવામાં આવતું નથી.

ફાળકેનો આરોપ છે કે તેમને ક્યારેય લેખિત જવાબ આપવામાં આવ્યો ન હતો. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ધાર્મિક ઓળખ સંબંધિત ઓડિટમાં નિષ્ફળ જવાથી તેમનો પગાર અને પ્રોત્સાહનો કાપવામાં આવ્યાં હતાં. આકાશ ફાળકેએ વધુમાં આરોપ લગાવ્યો હતો કે ફેબ્રુઆરી ૨૦૨૬ માં તેમની નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. તેમણે તે જ દિવસે મહારાષ્ટ્રના સમાધાન પોર્ટલ પર ફરિયાદ નોંધાવી હતી અને આ કાર્યવાહીને બદલો ગણાવી હતી.

વિવાદ વધતો ગયો તેમ લેન્સકાર્ટના સ્થાપક અને સીઈઓ પીયૂષ બંસલે બે સ્પષ્ટતાઓ જારી કરી હતી. પ્રથમ, તેમણે કહ્યું કે પોલિસી દસ્તાવેજ ખોટો હતો અને કંપનીની હાલની માર્ગદર્શિકાને પ્રતિબિંબિત કરતો નથી. કલાકો પછી ૧૬ એપ્રિલના રોજ બંસલે કહ્યું કે વાયરલ દસ્તાવેજ એક જૂની તાલીમ નોંધ હતી અને તે કંપનીની HR નીતિ નહોતી. તેમાં ખોટી રીતે બિંદી અથવા તિલકનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેને પછીથી દૂર કરવામાં આવ્યો હતો. આ બે સ્પષ્ટતાઓના થોડા દિવસો પછી પણ લોકોનો ગુસ્સો શાંત થવાનું નામ લેતો નથી. હવે સોશ્યલ મીડિયા પર ઘણાં પત્રકારો અને કાર્યકરો દ્વારા લેન્સકાર્ટની વિશ્વસનીયતા પર પ્રશ્નો ઊભા

ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪

કરવામાં આવી રહ્યા છે. લોકો લેન્સકાર્ટ અને સીઈઓ પીયૂષ બંસલ પાસે માફી માંગવાની અને ભારતીયો પાસેથી હિંદુવિરોધી હોવા બદલ લેન્સકાર્ટ ચશ્માંની બ્રાન્ડનો બહિષ્કાર કરવાની માંગણી કરી રહ્યા છે. સોશ્યલ મીડિયા પર એક વ્યક્તિએ પોતાના કોલ્હાપુરી ચપ્પલથી લેન્સકાર્ટનાં ચશ્માં તોડી નાખતો વીડિયો પોસ્ટ કર્યો છે, જ્યારે બીજી એક વ્યક્તિ લેન્સકાર્ટના સ્ટોરમાં ઘૂસીને પોતાનાં ચશ્માં અંદરની કચરાપેટીમાં ફેંકતી જોવા મળી રહી છે. ભારતીય નૌકાદળના અનુભવી લેખક હરિન્દર સિક્કાએ X પર કહ્યું કે લેન્સકાર્ટનાં કાર્યો ભેદભાવપૂર્ણ છે અને તે કાયદાનો તિરસ્કાર કરે છે.

નવી દિલ્હી સ્થિત નાણાંકીય સલાહકાર રેણુકા જૈને X પર લખ્યું કે બધા હિન્દુઓ લેન્સકાર્ટનો બહિષ્કાર કરે છે. આ અહેવાલ પ્રકાશિત થયાના કલાકો પછી લેન્સકાર્ટે X પર માફી માંગી હતી. તેણે વિગતવાર માર્ગદર્શિકા બહાર પાડી અને કહ્યું કે શ્રદ્ધા અને સંસ્કૃતિનાં પ્રતીકો જેમ કે બિંદી, તિલક, હિજાબ અને પાઘડી તેનાં આઉટલેટ્સમાં આવકાર્ય છે. લેન્સકાર્ટ દ્વારા આપવામાં આવેલા જવાબના કલાકો પહેલાં X પર જાણીતાં લેખક અને પત્રકાર શેફાલી વૈદ્યે દાવો કર્યો હતો કે તેમની પાસે લેન્સકાર્ટના સીઈઓ પીયુષ બંસલ જૂઠું બોલી રહ્યા હોવાના અકાટ્ય પુરાવા છે.

જો કે, ઘણાં લોકો પીયુષ બંસલના સ્પષ્ટીકરણથી ખુશ નથી, જેમાં તેમણે એવો સંકેત આપ્યો હતો કે આ મુદ્દો જૂનો દસ્તાવેજ હોઈ શકે છે. રોષે ભરાયેલાં લોકોએ એમ પણ કહ્યું કે પીયુષ બંસલનાં સ્પષ્ટીકરણમાં ડ્રેસ કોડના જમીન પર અમલીકરણના આરોપોનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી અને આ નીતિ લેન્સકાર્ટ ખાતે કર્મચારીઓના મૂલ્યાંકનને પ્રભાવિત કરી રહી છે કે કેમ તે અંગે શંકા ઊભી કરે છે. શેફાલી વૈદ્યે દાવો કર્યો હતો કે લેન્સકાર્ટના ઘણાં કર્મચારીઓએ મને ખાનગીમાં તેમની ભયાનક વાર્તાઓ જણાવી છે કે કેવી રીતે બિંદી તથા કલાવા પહેરવા બદલ વીડિયો ઓડિટમાં તેમના મુદ્દાઓની ગંભીર નોંધ લેવામાં આવી હતી, કેવી રીતે તેમને હિન્દુ તહેવારો માટેની રજાઓ નકારવામાં આવી હતી, પરંતુ તેમનાં મુસ્લિમ સાથીદારોને ઈદ માટે ખૂબ જ સરળતાથી રજા મળી ગઈ હતી. શૈક્ષણિક લેખક આનંદ રંગનાથને પુરાવાના ફોરેન્સિક ઓડિટની માંગણી કરતાં કહ્યું કે લેન્સકાર્ટનું વલણ નાગરિકો સાથે રંગભેદના વર્તન જેવું જ ચિંતાજનક હતું, જેને અવગણી શકાય નહીં. મુંબઈ સ્થિત નાણાંકીય સલાહકાર મિતેશ શાહે જણાવ્યું હતું કે હિન્દુસ્તાનમાં એક કંપનીમાં કામ કરતી વખતે આપણાં ઘણાં હિન્દુ ભાઈ-બહેનોને આવી કઠિન પરિસ્થિતિમાંથી પસાર થવું પડ્યું તે જાણીને નિરાશા થાય છે. અન્ય લોકોએ ખુલ્લેઆમ લેન્સકાર્ટનો બહિષ્કાર કરવાની હાકલ કરી હતી. X પર એક વ્યક્તિએ કહ્યું કે મને લાગે છે કે હવે સમય આવી ગયો છે કે આપણે લેન્સકાર્ટ કંપની અને તેનાં ઉત્પાદનોનો સંપૂર્ણ બહિષ્કાર કરીએ. આપણે બધાંએ લેન્સકાર્ટમાંથી ખરીદી કરવાનું સંપૂર્ણપણે બંધ કરી દેવું જોઈએ.

ડ્રેસ કોડ વિવાદને કારણે હેડલાઇન્સમાં રહેલી કંપની લેન્સકાર્ટના શેર આજે ટ્રેડિંગ દરમિયાન ચાર ટકાથી વધુ ઘટ્યા હતા. શેરબજારમાં તેજી હોવા છતાં ચશ્માંના રિટેલરના શેર ઘટ્યા હતા. કંપનીનો શેર પાછલા સત્રમાં રૂ. ૫૩૪.૮૫ પર બંધ થયો હતો અને આજે રૂ. ૫૩૦.૦૫ પર ખૂલ્યો હતો. તે લગભગ ૫ ટકા ઘટીને રૂ. ૫૦૮.૭૦ પર પહોંચી ગયો હતો. તે ૧૫ એપ્રિલે રૂ. ૫૫૯.૮૦ ની સર્વકાલીન ઉચ્ચતમ સપાટીએ પહોંચ્યો હતો, પરંતુ ત્યારથી તે ૭ ટકાથી વધુ ઘટ્યો છે. પરિણામે કંપનીનું માર્કેટ કેપ રૂ. ૯૦,૦૦૦ કરોડથી નીચે આવી ગયું છે. પીયૂષ બંસલે શરૂઆતમાં વિવાદ ટાળવાનો પ્રયાસ કર્યો, પરંતુ જ્યારે તે કામ ન આવ્યું ત્યારે તેમણે આગળ આવીને સ્પષ્ટતા કરવી પડી કે ભૂલ થઈ ગઈ છે. તેમણે શરૂઆતમાં દસ્તાવેજને ખોટો ગણાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પછીથી સ્વીકાર્યું કે તે વાક્ય ખરેખર લખાયેલું હતું. હકીકતમાં, પીયુષ બંસલે ડ્રેસ કોડ વિવાદ પર લખેલી બે પોસ્ટમાં અસંખ્ય વિરોધાભાસ છે. આ વિવાદથી સાબિત થાય છે કે હિન્દુઓ હવે કોઈ પણ જાતનો ભેદભાવ સાંખી લેવા તૈયાર નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**એક વ્યક્તિએ પોતાના ચપ્પલથી લેન્સકાર્ટનાં ચશ્માં તોડી નાખતો વીડિયો પોસ્ટ કર્યો છે, જ્યારે બીજી એક વ્યક્તિ લેન્સકાર્ટના સ્ટોરમાં ઘૂસીને ચશ્માં કચરાપેટીમાં ફેંકતી જોવા મળી રહી છે.**

## અનુસંધાન... પાના પહેલાનું

### અમેરિકાએ ઇરાની...

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે ઓમાનના અખાતમાં અમેરિકી નૌકાદળના ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયરે ઈરાની ધ્વજ ધરાવતા જહાજ 'તૌસ્કા'ને રોકાવા માટે ચેતવણી આપી હતી અને ત્યારબાદ એન્જિન રૂમમાં કાણું પાડીને તેમને રસ્તામાં જ અટકાવી દીધા હતા. યુએસ મરીન્સે આ પ્રતિબંધિત જહાજને કસ્ટડીમાં લીધું છે અને તેઓ તેમાં શું છે તેની તપાસ કરી રહ્યા છે! આ ઘટનામાં કોઈને ઈજા થઈ છે કે કેમ તે સ્પષ્ટ થયું નથી. યુએસ સેન્ટ્રલ કમાન્ડે કોઈ પ્રશ્નોના જવાબ આપ્યા નથી, પરંતુ જણાવ્યું હતું કે ડિસ્ટ્રોયરે છ કલાકના સમયગાળા દરમિયાન વારંવાર ચેતવણીઓ આપી હતી.

**ઈરાની સરકારી મીડિયાના સંકેત: મંત્રણા નહીં થાય**

વાટાઘાટો અંગે ટ્રમ્પની જાહેરાત પર ઈરાની અધિકારીઓ તરફથી સીધી કોઈ ટિપ્પણી આવી નથી.જો કે, ઈરાની સ્ટેટ મીડિયાએ અનામી સ્ત્રોતોને ટાંકીને ટૂંકા અહેવાલો આપ્યા છે, જે સૂચવે છે કે આ મંત્રણા કદાચ યોજાશે નહીં. જહાજ જપ્ત થયાની જાહેરાતના થોડી મિનિટો બાદ, ઈરાની મીડિયાએ રવિવારે રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન અને પાકિસ્તાની વડાપ્રધાન શહબાઝ શરીફ વચ્ચેની ટેલિફોનિક વાતચીત અંગે અહેવાલ આપ્યો હતો. અહેવાલો મુજબ, પેઝેશ્કિયને કહ્યું કે અમેરિકાની 'દાદાગીરી' અને ગેરવાજબી વર્તનને કારણે શંકા વધી છે કે અમેરિકા અગાઉની પેટર્નનું પુનરાવર્તન કરશે અને રાજદ્વારી પ્રક્રિયા સાથે વિશ્વાસઘાત કરશે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ તેમના પાકિસ્તાની સમકક્ષ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે તાજેતરની ક્રિયાઓ અને નિવેદનો ખરાબ ઈરાદા અને મુત્સદ્દીગીરીમાં ગંભીરતાના અભાવના સંકેતો છે. પાકિસ્તાને બીજા રાઉન્ડની વાતચીતની પુષ્ટિ કરી નથી, પરંતુ ઈસ્લામાબાદમાં સુરક્ષા કડક કરવામાં આવી છે. વ્હાઇટ હાઉસે અગાઉ જણાવ્યું હતું કે ઉપપ્રમુખ જે.ડી. વેન્સ અમેરિકી પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. ટ્રમ્પે તેમની જાહેરાતમાં ફરી એકવાર ઈરાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલો કરવાની ધમકી આપી હતી, જેની વ્યાપક ટીકા થઈ રહી છે.

### યુદ્ધના અંત સુધી...

હતી, પરંતુ ટ્રમ્પની નાકાબંધી ચાલુ રહેતા ઈરાને ફરી પ્રતિબંધો લાદ્યા છે. શનિવારે ઈરાને ત્યાંથી પસાર થવાનો પ્રયાસ કરતા જહાજો પર ગોળીબાર પણ કર્યો હતો..ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે જણાવ્યું હતું કે, જ્યાં સુધી યુદ્ધ સંપૂર્ણપણે સમાપ્ત ન થાય ત્યાં સુધી ઈરાન આ માર્ગ પર દેખરેખ અને ટ્રાફિક પર નિયંત્રણ જાળવી રાખવા માટે મક્કમ છે. આનો અર્થ એ છે કે ઈરાન દ્વારા નિર્ધારિત રૂટ, ફીની ચુકવણી અને ટ્રાન્ઝિટ સર્ટિફિકેટ ફરજિયાત રહેશે. નોંધનીય છે કે ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા આ યુદ્ધમાં અત્યાર સુધીમાં ઈરાનમાં ઓછામાં ઓછા ૩,૦૦૦ અને લેબનોનમાં ૨,૨૯૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. અમેરિકાના ૧૩ સૈનિકો પણ આ પ્રાદેશિક સંઘર્ષમાં માર્યા ગયા છે.

### જહાજને કેવી...

અબ્બાસ તરફ જઈ રહેલા ઈરાની ધ્વજ ધરાવતા M/V Touska જહાજને USS Spruance ના સૈનિકો દ્વારા અટકાવતા જોઈ શકાય છે. આ ફૂટેજમાં, અમેરિકી દળો 'તૌસ્કા' જહાજને વારંવાર ચેતવણી આપતા સંભળાય છે. તેઓ ક્રૂને જાણ કરે છે કે તેઓ નાકાબંધીના નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે અને તેમને જહાજ થોભાવી દેવાનો આદેશ આપે છે. આ તણાવપૂર્ણ સ્થિતિ છ કલાક સુધી ચાલી હતી - પરંતુ જહાજે આદેશનું પાલન કર્યું નહીં. મડાગાંઠ વધતા, ગાઈડેડ-મિસાઈલ ડિસ્ટ્રોયર દ્વારા અંતિમ નિર્દેશ આપવામાં આવ્યો: એન્જિન રૂમ ખાલી કરો. વીડિયોમાં એક સૈનિક ઈરાની જહાજને કહેતા સંભળાય છે કે, મોટર વેસલ તૌસ્કા, તમારો એન્જિન રૂમ ખાલી કરો. અમે તમારા પર જહાજને નિષ્ક્રિય કરી દે તેવો હુમલો કરવા તૈયાર છીએ. થોડી જ ક્ષણોમાં, ડિસ્ટ્રોયરે તેની 5-ઈંચની MK 45 ગન વડે અનેક રાઉન્ડ ફાયરિંગ કર્યું, જે સીધું જહાજના એન્જિન કમ્પાર્ટમેન્ટમાં વાગ્યું અને જહાજ ત્યાં જ થંભી ગયું.

### દેશના અનેક...

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વધતી ગરમીને પહોંચી વળવા વીજળીની માગ પૂરી કરવા અને હોસ્પિટલોમાં હીટસ્ટ્રોકના દર્દીઓ માટે ખાસ સુવિધા ઊભી કરવા આદેશ આપ્યા છે.

ઝારખંડ સરકારે પણ ગરમીને જોતા 21 એપ્રિલથી શાળાઓના સમયમાં ફેરફાર કર્યો છે, જેમાં ધોરણ 8 સુધીના વિદ્યાર્થીઓ માટે સવારે 7થી 11.30નો સમય નક્કી કરાયો છે. અહીં 20થી 22 એપ્રિલ સુધી ગરમી માટે યલો એલર્ટ જારી કરાયું છે.

રાજસ્થાનમાં કોટા 42 ડિગ્રી અને હરિયાણાના નારનૌલમાં તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દિલ્હીમાં પણ મહત્તમ તાપમાન 39.5 ડિગ્રી સેલ્સિયસ રહ્યું, જે સામાન્ય કરતા 2.7 ડિગ્રી વધુ છે. પંજાબમાં પણ તાપમાન સામાન્ય કરતા વધુ નોંધાઈ રહ્યું છે અહીં સૌથી વધુ તાપમાન ભટીંડામાં 41 ડિગ્રી સે. નોંધાયું હતું.

હવામાન વિભાગે ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં 24 અને 25 એપ્રિલના રોજ ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની આગાહી કરી છે.

એક તરફ ઉત્તર ભારતમાં સૂર્ય આકરો તપી રહ્યો છે, ત્યારે દક્ષિણ અને પૂર્વ ભારતના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદની પણ શક્યતા છે.

### પચપદ્રા રિફાઇનરીમાં...

ગોટેગોટા જોવા મળ્યા હતા. ફાયર ફાઇટરોએ અંદાજે બે કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

એચપીસીએલ દ્વારા મોડી સાંજે કહેવાયું હતું, પ્રાથમિક દ્રષ્ટિએ હીટ એક્સચેન્જર સર્કિટના વાલ્વ અથવા ફ્લેન્જમાંથી હાઈડ્રોકાર્બન લીકેજ થવાને કારણે આ આગ લાગી હોવાનું જણાય છે. આગ હીટ એક્સચેન્જર સ્ટેક પૂરતી જ મર્યાદિત હતી. કંપનીએ ખાતરી આપી છે કે તમામ એકમો માળખાગત રીતે સુરક્ષિત છે અને તેને કોઈ નુકસાન થયું નથી. રિફાઇનરીના અન્ય કોઈ વિભાગ પર આ ઘટનાની અસર થઈ નથી.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે આ દુર્ઘટના પાછળના મૂળ કારણોની તપાસ કરવા અને સુધારાત્મક પગલાં સૂચવવા માટે બાહ્ય નિષ્ણાતોની એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે. ઉદ્ઘાટનની નવી તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. આ ઘટનાને પગલે મુખ્ય મંત્રી ભજનલાલ શર્માની મુલાકાત પણ રદ કરવામાં આવી હતી.

9 મિલિયન ટન વાર્ષિક ક્ષમતા ધરાવતી આ રિફાઇનરી ભારતની 24મી અને દેશની બીજી સૌથી જટિલ રિફાઇનરી છે. તેનો નેલ્સન કોમ્પ્લેક્સિટી ઇન્ડેક્સ 17 છે, જે રિલાયન્સની જામનગર રિફાઇનરી (21.1) પછી બીજા ક્રમે આવે છે. આ રિફાઇનરી દ્વારા ભારતની ઊર્જા સુરક્ષા વધશે અને પેટ્રોકેમિકલ્સની આયાત પરની નિર્ભરતા ઘટશે. દરમિયાન, વિપક્ષ કોંગ્રેસે આ ઘટનાને 'સુરક્ષામાં ગંભીર ખામી' ગણાવીને સરકાર પર સવાલો ઉઠાવ્યા છે.

### JEE-Mainમાં...

સામેલ થયા હતા. 100 NTA સ્કોર મેળવનારા ઉમેદવારોમાં આંધ્રપ્રદેશ અને તેલંગાણાના 5-5 ઉમેદવારો છે, ત્યારબાદ રાજસ્થાનના 4, દિલ્હીના 3 અને મહારાષ્ટ્ર તથા હરિયાણાના 2-2 ઉમેદવારોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ચંદીગઢ, બિહાર, તમિલનાડુ, ઓડિશા અને ગુજરાતના એક-એક ઉમેદવારે આ સિદ્ધિ મેળવી છે. આ તમામ 26 ઉમેદવારો પુરુષ છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, NTA સ્કોર એ મેળવેલા ગુણની ટકાવારી નથી પરંતુ તે 'નોર્મલાઈઝ્ડ' સ્કોર છે. એક વરિષ્ઠ અધિકારીએ સમજાવતા કહ્યું કે, NTA સ્કોર એ મલ્ટિ-શિફ્ટ પેપર્સમાં કરવામાં આવતું નોર્મલાઈઝેશન છે અને તે જે-તે શિફ્ટમાં પરીક્ષા આપનાર તમામ ઉમેદવારોના સાપેક્ષ પ્રદર્શન પર આધારિત હોય છે. મેળવેલા ગુણને દરેક શિફ્ટના પરીક્ષાર્થીઓ માટે 100 થી 0 ના સ્કેલ પર પરિવર્તિત કરવામાં આવે છે. NTA સ્કોર એ મેળવેલા ગુણની ટકાવારી સમાન નથી.

### તનાવ ફરી વધતા...

ભાવમાં ૯ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો. પરંતુ, શનિવારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જ્યારે જાહેરાત કરી કે ઈરાની બંદરો પર અમેરિકી નૌકાદળની નાકાબંધી અમલમાં રહેશે, ત્યારે તેહરાને પોતાનો નિર્ણય બદલી નાખ્યો હતો અને તનાવ ફરી વધી ગયો છે.

તેલના ભાવ વધવાને કારણે એરલાઇન સ્ટોક્સ ફરી તૂટ્યા હતા. અમેરિકન અને ડેલ્ટા એરલાઇન બંનેમાં 2.6 ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે યુનાઈટેડ 3.2 ટકા ઘટ્યો હતો. શુક્રવારે, ઈરાને જ્યારે સામુદ્રધુની ફરી ખોલવાની વાત કરી હતી ત્યારે તેલના ભાવ નીચે આવ્યા હતા અને અમેરિકી બજારો રેકોર્ડ ઊંચાઈ પર હતા. તેલનો મુક્ત પ્રવાહ ગેસોલિન અને અન્ય ઉત્પાદનોના ભાવમાં રાહત આપી શકે છે, જેનાથી લોકોના ક્રેડિટ કાર્ડના વ્યાજ અને મોર્ગેજ બિલ પરનો બોજ પણ ઓછો થઈ શકે છે. યુરોપમાં મધ્યાહ્ન સમયે, જર્મનીનો DAX 1.4 ટકા, પેરિસનો CAC 40 1.1 ટકા અને બ્રિટનનો FTSE 100 0.7 ટકા ઘટ્યો હતો. એશિયામાં મધ્ય પૂર્વના તેલ પરિવહન અંગેની આશંકા હોવા છતાં, શેરના ભાવ મોટાભાગે વધ્યા હતા, જોકે સવારના સત્રના મોટા નફામાં ઘટાડો થયો હતો. ટોક્યોમાં નિક્કી 225, દક્ષિણ કોરિયાનો કોસ્પી અને હોંગકોંગનો હેંગસેંગ નજીવા વધારા સાથે બંધ થયા હતા. ભારતનો સેન્સેક્સ પણ 0.1 ટકા વધ્યો હતો.

### આપણે હવે વિશ્વગુરુ...

કેન્દ્રીય કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે તેમણે સંસ્કૃતને ભારતની સત્તાવાર ભાષા બનાવવાની જોરદાર વકીલાત કરી હતી. તેમણે યાદ અપાવ્યું કે ભૂતકાળમાં ડૉ. બી.આર. આંબેડકર સહિત ઘણા મહાનુભાવોએ સંસ્કૃતને સત્તાવાર ભાષા બનાવવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ તે દરખાસ્તો પસાર થઈ શકી ન હતી.

વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં સંસ્કૃતના મહત્વ પર ભાર મૂકતા પૂર્વ કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, નાસાના નિષ્ણાતો પણ માને છે કે કમ્પ્યુટિંગ માટે સંસ્કૃત સૌથી સચોટ ભાષા છે. ખાસ કરીને 'ક્વોન્ટમ કમ્પ્યુટિંગ' અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ના યુગમાં આ પ્રાચીન ભાષાની ભૂમિકા નિર્ણાયક બની રહેશે. તેમણે યુવાનોને સંસ્કૃત શીખવા અનુરોધ કરતા કહ્યું કે આ ભાષામાં ઉપલબ્ધ સાહિત્ય વાંચી જ્ઞાન મેળવો જે દેશ અને વિશ્વ માટે લાભદાયક નીવડશે. તેમણે કહ્યું સંસ્કૃત માત્ર ભારતનો વારસો નથી, પરંતુ તે જ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજીની વૈશ્વિક ભાષા છે.

### દિલ્હી ડાયરી...

કરીશું અને તેમને આદર સાથે વિદાય આપીશું." યાદવે વધુમાં ઉમેર્યું કે, "જે લોકો જઈ રહ્યા છે તેમના શબ્દોને દિલ પર લેવામાં આવતા નથી." આનો ગર્ભિત અર્થ સ્પષ્ટ હતો: ઉત્તર પ્રદેશમાં ભાજપનો કાર્યકાળ કામચલાઉ છે. ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી નજીક હોવાથી, એરપોર્ટનું ઉદ્ઘાટન પણ ચૂંટણી પ્રચારના દ્વંદ્વ જેવું લાગે છે.

**રાઘવ ચઢ્ઢાની મુશ્કેલીઓઃ પક્ષમાં બદલાતા સમીકરણો**

રાજ્યસભામાં આમ આદમી પાર્ટી (આપ)ના ડેપ્યુટી લીડર પદેથી અચાનક હટાવવાને કારણે સર્જાયેલા રાજકીય વિવાદ વચ્ચે રાઘવ ચઢ્ઢા અચાનક મુશ્કેલીમાં મુકાયેલા જણાય છે. રાજ્યસભાના સાંસદ બન્યા ત્યારથી તેમની કેટલીક શંકાસ્પદ ગતિવિધિઓ હોવા છતાં 'આપ' સુપ્રિમો અરવિંદ કેજરીવાલના એક સમયના નજીકના સાથી એવા ચઢ્ઢાએ કદાચ વિચાર્યું હતું કે તેમના નેતાએ તેમની 'ગેરરીતિઓ' સામે આંખ આડા કાન કર્યા છે. પરંતુ એવું ન થયું અને મોડેથી, પરંતુ પરિસ્થિતિમાં મોટો વળાંક આવ્યો. એ હકીકત છે કે ચઢ્ઢાએ પોતાના પક્ષ અને વિપક્ષી ગઠબંધન ઇન્ડિયાને અસર કરતા ગંભીર રાજકીય મુદ્દાઓ પર મૌન સેવ્યું હતું. એવા નિર્ણાયક સમયે જ્યારે કેજરીવાલના નેતૃત્વમાં વરિષ્ઠ 'આપ' નેતાઓ આબકારી સંબંધિત ભ્રષ્ટાચારના કેસમાં તિહાર જેલમાં હતા, ત્યારે તેઓ તેમની ફિલ્મ સ્ટાર પત્ની પરિણીતી ચોપરા સાથે ચુપચાપ લંડન જતા રહ્યા હતા.


RAJHANS ગોપીતળાવ નવસારી બજાર, સુરત



પ્રિયદર્શનની કોમેડી હોરર ફિલ્મ ભૂતબંગલા
અક્ષયકુમાર, પરેશ રાવલ, રાજપાલ યાદવ, તબ્બુ
૯.૪૦, ૧૧.૩૦, ૧૨.૪૫, ૨.૪૫, ૩.૫૦, ૬.૦૦, ૭.૦૦, રાત્રેઃ ૯.૦૫, ૧૦.૦૫, ૧૦.૩૦
ધુરંધર-2 ૨.૦૦ ૬.૧૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
ફફી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
☎: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm
@applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.

કોમેડી હોરર



ભૂતબંગલા
૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૨.૦૦, ૧૨.૩૦, ૧.૦૦, ૨.૩૦, ૩.૦૦, ૩.૩૦, ૪.૦૦, ૪.૩૦, ૬.૦૦, ૬.૩૦, ૭.૦૦, ૭.૩૦, રાત્રે ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦


એકશન હીટ




ધુરંધર-2
રણવીરસિંહ, સંજયદત્ત
૯.૦૦, ૧૨.૦૦, ૧.૨૫, ૪.૧૦, ૫.૦૦, ૫.૪૦, રાત્રે ૯.૩૦, ૧૧.૦૦

હીન્દી હોરર
Lee Cronin's The Mummy
સવારે ૯.૨૦, રાત્રે ૮.૨૦
લગન લાગી રે
ગુજરાતી : ૯.૦૦. ૧.૩૦
લાગણી
ગુજરાતી : સવારે ૧૧.૫૫
ડકૈત
હિન્દી : ૫.૨૫, રાત્રે ૮.૧૦

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
પ્રિયદર્શન પ્રસ્તુત, કોમેડી ફિલ્મ




ભૂતબંગલા
અક્ષયકુમાર, પરેશ રાવલ, રાજપાલ યાદવ, તબ્બુ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
જબરજસ્ત ફુલ એકશન



ધુરંધર-2
રણવીરસિંહ, સંજયદત્ત
૧૨.૦૦, ૪.૦૦, રાત્રે ૯.૧૫
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.